# **પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)ધ્વારા તા.૨૯/૦૮/૨૦૧૮ના રોજ પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ

(૧) ટી.પી.સ્કીમનં.૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.૧૪૦, ગ્રીન પાર્ક સોસાયટી, પ્રાઈમ આર્કેડ પાસે આવેલ " સોનલ ફેન્સી ઢોસા" નામની રેસ્ટોરન્ટ ધ્વારા વિઝીટર્સ પાર્કિંગમાં લોંખડના પતરાં અને એંગલો નાખી ફેબ્રીકેશનનું કામ કરેલ જે ગેરકાયદેસરનું બાંધકામ દૂર કરી આશરે–૪૫૦.૦૦ ચો.ફૂટ જેટલો પાર્કિંગનો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે તથા રેસ્ટોરન્ટની જરૂરીયાતની સાધન–સામગ્રી જપ્ત કરવામાં આવેલ છે.

(૨) આનંદ મહલ રોડ તથા ડી–માર્ટથી રંગીલા સર્કલ તરફ જતા રસ્તા પરના દબાણો તદઉપરાંત સંસ્કાર ભારતી શાળાની સામે આવેલ શ્રીધર કોમ્પલેક્ષના માર્જીનમાં કરવામાં આવેલ દબાણ જેમાં બંધ તેમજ ખુલ્લી લારીઓ નંગ–૧૨, લોંખડના સ્ટેન્ડ નંગ–૩, લાકડાના ટેબલો નંગ–૯, બોર્ડ તથા બેનરો નંગ–૧૦ અને હોર્ડિંગ્સ નંગ–૨ વિગેરે જપ્ત કરવામાં આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના ડે. કમિશ્નરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ૧–ડેપ્યુટી ઈજનેર, ૪–આસી.ઈજનેર / જુની ઈજનેર, ૩–સુપરવાઈઝર, ૨–ટેકનીકલ આસીટન્ટ, ૧–ફોટોગ્રાફર, કુલ–૧૦ બેલદાર, કુલ ૨–નંગ મઝદા ગાડી, રાંદેર ઝોનનો શહેરી વિકાસ નો સ્ટાફ તથા દબાણના સ્ટાફ સહિત કોઈપણ અણબનાવ ન બને તેની કાળજી લઈ સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીૠતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ર૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આમ ર૦૦૭ થી ર૦૧૫ દરમ્યાન કુલ ૧૪૮ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ર૦૧૮ માં ૭(સાત) મેડીકલ કેમ્પ મળી કુલ ૧૫૫ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેર જનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ર૦૧૮નો  આઠમો મેડીકલ કેમ્પ તા.૦૧/૦૯/ર૦૧૮ને શનિવારનાં રોજ ઉધના શહેરી આરોગ્ય કેન્દ્ર,જોગાણી માતાના મંદિર પાસે, હનુમાન એસ્ટેટની બાજુમાં, સુરત રકતદાન કેન્દ્ર નીચે ખટોદરા,સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ્દ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ, ફાઈલેરીયા, મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્ય વિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા
## યુ.સી.ડી. વિભાગ
## <u>અખબારી યાદી</u>

**તા.૩૧/૦૮/૨૦૧૮ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશા માતાનો ટેકરો, તરણકુંડની બાજુમાં, રૂસ્તમપુરા, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવા બાબત**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૩૧/૦૮/૨૦૧૮ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશા માતાનો ટેકરો, તરણકુંડની બાજુમાં, રૂસ્તમપુરા, સુરત*** ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ છે.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે વિભાગની સેવાઓ જેવી કે આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી સેવાઓનો સ્થળ પર નિકાલનો લાભ મળશે.. જે સંદર્ભે વોર્ડ નં. ૧૧ મુગલીસરા–સૈયદપુરા–કુબેરનગર, વોર્ડ નં.૧૨ સલાબતપુરા–નવાપુરા –મહિધરપુરાલ, વોર્ડ નં.૧૯ સગરામપુરા–રૂસ્તમપુરા–ઉધના, વોર્ડ નં.૨૦ સોની ફળિયા – નાનપુરા –અઠવાના રહેવાસીઓને સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત સેવા/યોજનાઓનો લાભ લેવા વિનંતી.

# **<u>પ્રેસનોટ</u>**

**સુરત મહાનગરપાલિકાની તા.૨૯–૮–૨૦૧૮ના રોજ મળેલ મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિમાં ડો.ડી.એમ.વાનખેડેની મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિના ઠરાવ નં.૧/૨૦૧૮ થી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે નિયુકિત થયેલ છે.**

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

**વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૩૦/૦૮/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત**

**ઉધના ઝોન વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૨૧૬૮૮ ઘરોમા ૫૧૨૦૬ સ્પોટ સર્વે કરી કુલ ૨૫૮ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે. તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ ૧૬૦૦૦/– રૂ. વહીવટીખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૬૪ નોટીસ આપવામાં આવેલ છે.**

સાઉથઝોન(ઉધના) ભેસ્તાનયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા હાઈટેકપાર્ક પ્લોટ નં–૯ ના ખુલ્લા પ્લોટમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૭૫૦૦/–, કલાશ્રી ફેબ્રીકેશનનાં પ્લોટ નં–૩૬૬ ઈન્ડસ્ટ્રીયલમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૦૦૦/– તથા યુનાઈટેડ પેટ્રોલપંપ લીમીટેડમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.પાંડેસરાયુનિટનાં કાર્યવિસ્તારમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા ૨૧ ઈસમો સામે આરોગ્યરક્ષણ સંબંધી નોટીસના અનુસંધાનમાં મોબાઈલ કોર્ટ કેસ મારફતે કુલ રૂ.૨૧૦૦/– , બી–૩૦૪ જલારામનગર ના બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૫૦૦/– તથા આવકાર શોપીંગ સેન્ટર માં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૧૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. ઉધનાયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતી જીવનદીપ સ્કુલના ભંગારમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**પ્રાણી સંગ્રહાલય(ઝુ)** | |

# પ્રેસનોટ

## જન્માષ્ટમી પર્વ નિમિત્તે તા.૦૩/૦૯/૨૦૧૮ ને સોમવારે પ્રાણી સંગ્રહાલય (ઝુ) મુલાકાતીઓ માટે ખુલ્લુ રહેશે

આથી જાહેર જનતાને જણાવવાનું કે, તા.૦૩/૦૯/૨૦૧૮ ને સોમવનારના રોજ જન્માષ્ટમીનું પર્વ હોય અને તમામ સરકારી/ અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણીક સંસ્થાઓમાં જાહેર રજા રહેતી હોય, સોમવારના દિવસે પ્રાણી સંગ્રહાલયની અઠવાડિક રજા હોવા છતાં જાહેર જનતાને પ્રાણી સંગ્રહાલય નિહાળવાનો લાભ મળી રહે નું ધ્યાને રાખી પ્રાણી સંગ્રહાલય જન્માષ્ટમી નિમિત્તે તા.૦૩/૦૯/૨૦૧૮ ના રોજ મુલાકાતીઓ માટે ખુલ્લુ રાખવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ લાભ લેવા પ્રાણી સંગ્રહાલય ખાતાએ એક યાદીમાં જણાવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

તાજેતરમાં અમદાવાદ શહેરમાં બે બ્લોકસ તુટી પડવાની જે ઘટના બની છે તે અંતર્ગત થયેલ જાનહાનીને ધ્યાનમાં લઈ, નામદાર રાજય સરકારશ્રી ધ્વારા તા. ૨૯/૦૮/૨૦૧૮ ના પત્ર થી જો કોઈ જર્જરીત મકાન પડી જાય તેવી હાલતમાં હોય તો તેને નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરીને ખાલી કરાવવા જણાવવામાં આવેલ છે. ઉકત વિગતો ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં રીંગરોડ પર માન દરવાજા ખાતે આવેલ હાયર પર્ચેજ થી ફાળવવામાં આવેલ ટેનામેન્ટો ના અગાઉ કરવામાં આવેલ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રીપોર્ટ મુજબ સદર ટેનામેન્ટ ની હાલત જર્જરીત થયેલ હોવાનું જણાય છે. જે ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન ધ્વારા સલામતીના કારણોસર ટેનામેન્ટ વાસીઓને વખતો વખત નોટીસો પાઠવી ટેનામેન્ટ ઉતારી પાડવા/ખાલી કરવા જણાવવામાં આવેલ હોવા છતાં ટેનામેન્ટ વાસીઓ ધ્વારા કોઈ કાર્યવાહી હાથ ન ધરાતાં, સુરતમહાનગરપાલિકા, સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન ધ્વારા ફરીથી BPMC એકટની કલમ ૨૬૮ મુજબ નોટીસ પાઠવી માનદરવાજા ટેનામેન્ટ (A) ને ખાલી કરાવવા/સીલ મારવા સુધીની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા
## પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં આવેલ
(૧) ટી.પી.સ્કીમ નં.૦૮(પાલનપોર), કટારીયા શો–રૂમની નજીક આવેલ ફાયનલ પ્લોટ નં.૧૨૯ કે જે સુરત મહાનગરપાલિકાનો સેલ ફોર કોમર્શીયલ હેતુ માટેનો રીઝર્વેશન પ્લોટ છે જેમાં વસતા કુલ–૩૮ ઝુંપડાઓ તથા
(૨) ટી.પી.સ્કીમનં.૧૪(પાલ), પાલ આર.ટી.ઓની સામે, હજીરા રોડ પર આવેલ ફાયનલ પ્લોટ નં.૧૫૦ કે જે પણ સુરત મહાનગરપાલિકાનો સેલ ફોર કોમર્શીયલ હેતુ માટેનો રીઝર્વેશન પ્લોટ છે, જેમાં વસતા કુલ–૧૫ ઝુંપડાઓ ને આજરોજ રાંદેર ઝોનનાં શહેર વિકાસ ખાતા તથા દબાણના સ્ટાફ ધ્વારા દૂર કરી સરકારી જગ્યા પૈકીની આશરે ૫૫૦૦.૦૦ ચો.ફૂટ જેટલી જમીન ખુલ્લી કરી તેનો કબ્જો લેવામાં આવેલ છે. તદઉપરાંત
(૩) ટી.પી.સ્કીમ નં.૧૦(પાલ), ફા.પ્લોટ નં.૧૨૫માં આવેલ " લક્ષ્મી નારાયણ સોસાયટી" ના સબ પ્લોટ નં.૦૨ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા ચોથા માળે આર.સી.સી.સ્લેબ, બીમ, કોલમ ભરવાનું તથા ચણતર કામ કરવા સહિતનું આશરે ૭૦૦.૦૦ ચો.ફૂટ જેટલું સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિનાનું ગેરકાયદેસર બાંધકામ કરેલ. સદર ગેરકાયદેસર બાંધકામ અત્રેથી દૂર કરવામાં આવેલ. સદર ગેરકાયદેસર બાંધકામ અન્વયે મિલ્કતદાર પાસે ડિમોલિશન / વહીવટી ચાર્જ પેટે કુલ રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ ૧–ડેપ્યુટી ઈજનેર, ૫–આસી.ઈજનેર / જુની ઈજનેર, ૩–સુપરવાઈઝર, ૧–વિડિયો ગ્રાફર, ૧–ફોટોગ્રાફર, કુલ–૨૦ બેલદાર, કુલ ૨–નંગ મઝદા ગાડી, ૧–જે.સી.બી. તથા રાંદેર ઝોનનો શહેરી વિકાસ નો સ્ટાફ તથા દબાણના સ્ટાફ સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૪/૦૮/૨૦૧૮ થી તા.૩૦/૦૮/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૬૮૧ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૪૦ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૯૮ |
| ૪ | મેજર ઓપરેશન | ૦ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૯ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૪ |

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા
## પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં હની પાર્ક રોડ પર આવેલ ટી.પી.સ્કીમ નં.૩૨(અડાજણ), ફાયનલ પ્લોટ નં.૭૦ પૈકી માં આવેલ " સીતારામ નગર સોસાયટી " ના સબ પ્લોટ નં.૪ થી સબ પ્લોટ નં.૯ માં આવેલ " ધરતી ટ્રેડર્સ" , " જલારામ ટ્રેડર્સ" , " શ્રીજી કોમર્સ ઈન્સ્ટીટયુટ " , " વી. ડી. એન્ડ કંપની" , " જલારામ ફલોર મીલ ", " દાસકાકા નમકીન એન્ડ અમૂલ પાર્લર " વિગેરે દુકાનદારો / મિલ્કતદારો ધ્વારા માર્જીનના ભાગમાં ઓટલા પર કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણ તેમજ ફેબ્રીકેશનના છાપરાં દૂર કરી વીઝીટર્સ પાર્કિંગ માટે આશરે ૧૫૬૦.૦૦ ચો.ફૂટ જેટલો ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે. સદર ગેરકાયદેસર દબાણ / બાંધકામ અન્વયે મિલ્કતદાર પાસે ડિમોલિશન / વહીવટી ચાર્જ પેટે કુલ રૂા.૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના ડે. કમિશનરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનનો શહેરી વિકાસના ૫–આસી.ઈજનેર / જુની ઈજનેર, ૧–ટેકનીકલ આસીટન્ટ ૧–વિડિયો ગ્રાફર, ૧–ફોટોગ્રાફર તથા દબાણ વિભાગના કુલ–૨૦ બેલદાર, કુલ ૨–નંગ મઝદા ગાડી, ૧–જે.સી.બી. સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત જુદા–જુદા ઝોન ખાતે આધારનોંધણી કેન્દ્રોમાં  આધારનોંધણી કરાવવા આવતા રહીશોની નવી આધારનોંધણી તેમજ સુધારા–વધારાની કામગીરી કરવામાં આવે છે તેથી આવનાર રહીશોને સરળતા રહે તે માટે ટોકન સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવેલ છે આધારનોંધણી કરાવવા આવનાર રહીશોના ભરેલ આધારનોંધણી ફોર્મ તથા આધારનોંધણી કરાવવા માટેના જરૂરી પુરાવાઓની ચકાસણી કર્યા બાદ જ યોગ્ય જણાયે જે તે આધારનોંધણી કેન્દ્ર ખાતે વેરીફાયર તરીકે નિયુકત કરેલ સુરત મહાનગરપાલિકાના કર્મચારી દ્વારા જ ટોકન આપવામાં આવે છે તથા સદર ટોકન રહીશોના નામ જોગ આપવામાં આવે છે. સદરહુ ટોકન જે તે દિવસ પુરતા જ માન્ય રહે છે. વધુમાં, સદર ટોકન રહીશોના નામ જોગ આપવામાં આવતા હોય કોઈપણ ત્રાહિત વ્યકિત પાસેથી ટોકન ન લેવા આથી જણાવવામાં આવે છે.

# સુરત મહાનગરપાલિકા

**યુ.સી.ડી. વિભાગ**

**અખબારી યાદી**

**રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા. ૩૧/૦૮/૨૦૧૮ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશા માતાનો ટેકરો, નરશકુંવની બાજુમાં, રૂસ્તમપુરા, સુરત*** ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા ચોથા તબકકાના પ્રથમ 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ચોથા તબકકાના પ્રથમ સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં મા. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ ઉપસ્થિત રહી પ્રેરણા પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા અતિથિવિશેષ માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળ કલ્યાણ શ્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યુ હતુ કે સેવાસેતુ કાર્યક્રમની શરૂઆત જયારે કરી હતી ત્યારે તેની સફળતા સામે મથાને પ્રશ્ન હતો પરંતુ પ્રથમ ૩ તબકકામાં ૦૧ કરોડથી વધુ લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ અપાવી મા. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજય સરકારના લોકઉપયોગી અભીગમને સ્પષ્ટ કર્યો છે. લોકોને તેના નાના અને સામાન્ય એવા કામ માટે પણ કચેરીઓમા ધકકા ખાવા પડતા હોય છે. સેવાસેતુ કાર્યક્રમ થકી લોકોને તેમના ખુબ ઉપયોગી અનેક દસ્તાવેજો તેમના જ વિસ્તારમાં, એક જ દિવસમાં પ્રાપ્ત થઈ જાય છે. કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા મા.મેયરશ્રી જગદીશ પટેલે જણાવ્યુ હતુ કે સરકારની યોજનાઓનુ મહત્વ શુ છે તે જાણવુ હોય તો સરકારશ્રીની યોજનાઓનો લાભ લીધો હોય તે લોકોને પુછીએ ત્યારે જ તેના મહત્વની ખબર પડે. વધુમાં મા. મેયરશ્રીએ લોકોની અપીલ કરી હતી કે તમે કોઈ ગરીબ/જરૂરીયાતમંદ વ્યકિતને તેમના પરીવારના સભ્યોની બીમારીમાં આર્થિક મદદ ન કરી શકો તો કઈ નહી પરંતુ તે પરીવારને મા વાત્સલ્ય કાર્ડનો લાભ અપાવજો. સેવાસેતુ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણાએ કરી હતી જયારે આવકાર પ્રવચન ડે.મેયરશ્રી નિરવભાઈ શાહે કરી હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં ઉધના વિધાનસભા વિસ્તારના ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી અનીલભાઈ ગોપલાણી, શાસકપક્ષના નેતા ગીરજાશંકર મિશ્રા, મ્યુ. કમીશનરશ્રી એમ. થેન્નારસન, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ **૧૫૫૯ લાભાર્થીઓએ** આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૪૧૮
તા. ૩૧/૦૮/૨૦૧૮




સુરત મહાનગરપાલિકા



"પહેલા પાલિયા અને હવે મોઝલ્સ–રૂબેલાના વારા

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

મહિલા સુરક્ષાલક્ષી યોજનાઓ કાર્યક્રમોની જાણકારી માટે સુરત મહાનગરપાલિકા કક્ષાનું "અભયમ" મહિલા સંમેલનનું આયોજન આજરોજ માન.મંત્રી,આદિજાતિ વિકાસ,પ્રવાસન,વન, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ,ગુજરાત રાજય શ્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષ સ્થાને સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે સંપન્ન થયેલ છે.

આ પ્રસંગે દહેજ પ્રતિબંધક અધિકારી ધ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું અને તમામ મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ તથા દીપપ્રાગ્ટય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકાએ "અભયમ" મહિલા સંમેલનનું આયોજન કરેલ છે જે ખરેખર પ્રશસનીય છે.મહિલાઓને જયારે અન્યાય થાય ત્યારે બોલવું જોઈએ તથા ૧૮૧ ની સેવાનો ઉપયોગ કરવો જોઈએ.સમાજમાં મહિલાઓનું સ્થાન ઉપર આવતુ જાય છે મહિલાઓમાં જાગૃતતા વધી રહી છે. કેન્દ્ર સરકાર ધ્વારા ટુંક સમયમાં આયુષ્યમાન યોજનાનું લોન્ચીગ કરવામાં આવશે.તમામ લોકોને પારદર્શકતા સાથે યોજનાઓનો લાભ મળે તે દિશામાં સરકાર કાર્યકરી રહી છે.

આ પ્રસંગે માન.મેયર ડૉ.જગદીશ પટેલે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે કોઈપણ શહેર,રાજય કે રાષ્ટ્રના અમૂક વિકાસના માપદંડ હોય છે જેનું અનુમાન મહિલાઓનું સમાજમાં સ્થાન કેવુ છે તેના પરથી નકકી થાય છે. વર્ષોથી ગામ્ય વિસ્તારોમાં રહેતી બહેનો લાકડા સળગાવી રસોઈ બનાવતી હોય આ લાકડાઓનો ધુમાડો તેમના સ્વાસ્થય માટે નુકસાનકારક હોય છે તેમની આ સમસ્યાને ધ્યાને લઈ યોજનાઓ શરૂ કરવામાં આવેલ છે જેનો સીધો લાભ મેળવેલ છે. આવી ગ્રામ વિસ્તારોની બહેનોની સમસ્યા વિષે વિચાર કરનાર અને તેમના માટે યોજનાઓ શરૂ કરનાર માન.વડાપ્રધાનો આભાર વ્યકત કરેલ.ઉજવલા યોજના હેઠળ તમામ પરિવારોને પ્રકાશ પહોંચાડવામાં આવ્યો છે.સુરત મહાનગરપાલિકા ધ્વારા "અભયમ"કાર્યક્રમનું આયોજન કરીને ખરા અર્થમાં મહિલાઓને ભયમુકત કરવાનો કાર્યક્રમ છે આ યોજના માટે સુરત મહાનગરપાલિકા કાર્યક્રમ યોજીને ગર્વની લાગણી અનુભવે છે.

આ પ્રસંગે ૧૮૧ ની કામગીરીનો પરિચય શ્રી પ્રિયંકાબેન ગામીત આપેલ તથા વધુમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના એડવોકેટ શ્રી શોભનાબેનએ જણાવ્યું હતુ કે સમાજમાં સ્ત્રીઓને ખૂબ જ મહત્વ આપ્યું છે સ્ત્રીઓ માટે કાયદા બન્યા છે, નિતીઓ બની છે. બહેનોને કાયદાએ રક્ષણ પુરૂ પાડેલ છે.આપણા સમાજમાં એક માન્યતા છે કે કાયદો મોંઘો છે એ માન્યતા ખોટી છે કાયદામાં ભેદભાવ નથી કાયદામાં અમીરી–ગરીબી જોવાતી નથી અને સામાનતાના ધોરણે ન્યાય અપાય

છે.મહિલાઓને મફતમાં કાયદાકીય સલાહ અપાય છે જરૂર પડે તે વિનામૂલ્યે કાનૂની સેવા પણ પુરી પાડવામાં આવેલ છે સુરત શહેરમાં સ્ત્રીઓ રાત્રે ૧૨ વાગ્યા પછી પણ હરી–ફરી શકે છે તે કાયદાની અને વ્યવસ્થાને આભારી છે

મહિલા સુરક્ષાક્ષેત્રે વિશિષ્ટ કામગીરી માટે કતારગામ યુનિટ (૧) શ્રી દક્ષાબેન ચૌધરી (૨) શ્રી જીનલબેન પટેલ તેમજ ઉમરા યુનિટમાં (૧) શ્રી પ્રિયંકાબેન ગામીત (૨) શ્રી સ્વાતિબેન ચૌધરી તેમજ કુંટુબ સહાય કેન્દ્રના કાઉન્સેલર શ્રી રેણુકાબેન શાહ અને નારી સંરક્ષણ ગૃહ ખાતે (૧) શ્રી સાબીયા અહેમદ પઠાણ–ટ્રાફિક પોલીસ (૨) શ્રી સેજલ રામભાઈ પટેલ –જીએનએમ નર્સ (૩) શ્રી નિલોફર અહેમદ પઠાણ– જીએનએમ નર્સનું માન.મંત્રી,આદિજાતિ વિકાસ,પ્રવાસન,વન, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ,ગુજરાત રાજય શ્રી ગણપતસિંહ વસાવા તથા અન્ય મહાનુભાવોના વરદ્હસ્તે ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગેમાન.મંત્રી,આદિજાતિ વિકાસ,પ્રવાસન,વન, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ,ગુજરાત રાજય શ્રી ગણપતસિંહ વસાવા તેમણે જણાવ્યું હતુ કે મહિલાઓ સમાજના દરેક ક્ષેત્રે ઉચાઈઓ પ્રાપ્ત કરી રહી છે દેશ અને ગુજરાતની મહિલાઓ પાછળ ન રહે તે હેતુથી મહિલા સશકિતકરણના કાર્યક્રમ થાય તે માટે સરકાર કાર્ય કરી રહી છે આ દિશામાં સરકાર ધ્વારા "અભયમ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે સમગ્ર વિશ્વમાં સૌથી પ્રાચીન સાંસ્કૃતિ ભારતીય સાંસ્કૃતિ છે મહિલાઓની કામગીરી હંમેશા વિશિષ્ટ રહી છે.મહિલાઓ માટે ૭૨૦ જેટલી યોજનાઓ બજેટમાં સમાવવામાં આવી છે જેમાં અંદાજે ૪૫૦૦ કરોડના બજેટમાં શિક્ષણ,આરોગ્ય જેવી અનેક સેવાઓનો સમાવેશ થઈ જાય છે.ટોલટેક્ષ,કન્ડકટર,પીંક ઓટો જેવા ક્ષેત્રે પણ મહિલાઓ કાર્ય કરી રહી છે.મહિલાઓ બાબતે માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સતત ચિંતત છે મહિલાઓના માટે અલગ G.I.D.C. બનાવવામાં આવી છે.મા અમૃતમ યોજના આર્શીવાદરૂપ બની છે આ યોજનામાં બે લાખ રૂપિયાની સહાયને બદલ ત્રણ લાખની સહાય આપવાની જાહેરાત કરી છે. ૧૮૧ અભયમ ૨૪ કલાક બહેનો માટે કાર્યરત છે ૧૮૧ અભયમ કાર્યક્રમને સફળતા મળતા આ કાર્યક્રમ સમગ્ર રાજયમાં શરૂ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે માન.નેતા શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા ધ્વારા આભારવિધિ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ,માન.ડે.મેયર શ્રી નિરવ એસ.શાહ.માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલ ગોપલાણી, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન,I.A.S.,માન.દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા,તથા વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ પ્રેસ–મીડીયા તથા ખૂબ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ,સમાચાર યાદી નં.૪૧૭..........., તા.૩૧/૦૮/૨૦૧૮





# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગર પાલિકા નાં સાઉથ–વેસ્ટ ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગ દ્વારા ઝોન વિસ્તારમાં "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" જેવા મચ્છર જન્ય રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી ઝુંબેશમાં ક્ષતિઓ મળી આવતાં ૧૦ બાંધકામોમાં અને ૦૧ શાળામાં કુલઃ– ૧૦ ઈસમો ને ૯૪,૦૦૦/–(ચોરાણું હજાર રૂપિયા)વસુલ લેવમાં આવેલ વહીવટી ખર્ચ બાબતની અખબારી યાદી :</u>**

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને રાખી સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન માં વી.બી.ડી.સી વિભાગ ધ્વારા તાઃ–૨૯/૦૮/૧૮ થી તાઃ–૦૧/૦૯/૧૮ સુધી ઝોન વિસ્તારમાં "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" જેવા મચ્છર જન્ય રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી ખાસ ઝુંબેશમાં_ભરથાણા યુનિટ વિસ્તારમાં આવેલ એક્ષપ્રેશા તથા વિકટોરીયા બાંધકામમાં પાણીનાં ભરાવા જોવા મળતાં મચ્છરોની ઉત્પતિ થવાની શકયતાં હોવાથી કુલઃ–૩૦,૦૦૦/– વહીવટી ખર્ચ પટે વસુલ લેવામાં આવેલ. વેસુ યુનિટ વિસ્તારમાં આવેલ વેનેજીયા બાંધકામમાં પાણીનો ભરાવા જોવા મળતાં મચ્છરોની ઉત્પતિ થવાની શકયતાં હોવાથી કુલઃ–૧૦,૦૦૦/– વહીવટી ખર્ચ પટે વસુલ લેવામાં આવેલ. ગવિયર યુનિટ વિસ્તારમાં પ્રધાન મંત્રી આવાસ યોજના, રાહુલ રાજ મોલની પાછળ આવેલ બાંધકામમાં મચ્છરોની ઉત્પતિ મળી આવતાં બાંધકામનાં કોન્ટ્રાકટરની પાસેથી ૧૦,૦૦૦/– વહીવટી ખર્ચ પેટે સુલવામાં આવેલ તેમજ રૂઢં ગામમાં આવેલ ખાટીવાલા સ્કુલમાં મચ્છરની ઉત્પતિ મળતાં ૫,૦૦૦/– વહીવટી ખર્ચ પેટે સુલવામાં આવેલ. પનાસ યુનિટ વિસ્તારામાં આવેલ જયવીર એન્ટરપ્રાઈઝનાં બાંધકામમાં પાણીનો ભરાવા જોવા મળતાં મચ્છરોની ઉત્પતિ થવાની શકયતાં હોવાથી કુલઃ–૨૦,૦૦૦/– વહીવટી ખર્ચ પટે વસુલ લેવામાં આવેલ. તેમજ ઝોન વિસ્તરમાં ચાલતાં અન્ય નાના–મોટા બાંધકામોમાં સર્વે દરમ્યાન પાણીનાં ભરાવા જોવા મળતાં મચ્છરોની ઉત્પતિ થવાની શકયતાં હોવાથી હીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ. એમ **કુલઃ–૦૯ જેટલા બાંધકામો અને ૦૧ શાળા મળી કુલઃ–૧૦ ઈસમો પાસેથી કુલઃ–<u>૯૪,૦૦૦/–(ચોરાણું હજાર રૂપિયા)</u> વહીવટી ખર્ચ પેટે** વસુલ લેવામાં આવેલ.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

# સુરત મહાનગર પાલિકા

## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૦૧/૦૯/૨૦૧૮** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

સેન્ટ્રલ ઝોનમાં કુંભારશેરી બેગમપુરા, કડીયાશેરી, સુથાર ફળીયું, ગલેમંડી મોટીશેરી, કાજીનું મેદાન ગોપીપુરાનો વિસ્તાર, ફાલસાવાડી,નળવાળો મહોલ્લો, તૈયબી મહોલ્લો, ભથિયારા મહોલ્લો જેવા વિસ્તારોમાં,રાંદેર ઝોનમાં સુભાષનગર, રાંદેરઝોન ઓફીસ, ઈ.ડ.એસ. આવાસ ક્રોમા પાસે, ભકિતધામ સોસા., પ્રતિક્ષા રો હાઉસ, સાંઈ રામ રો હાઉસ, ઈ.ડ.એસ.આવાસ સરસ્વતિ,મણિપુરૂષોતમ, વરીયાવ, તાડવાડી.જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં ભીમનગર , આવિર્ભાવ – ૨ , મારુતિનગર,યાહીયાનગર,રેશ્માનગર,સિદીકીનગર,આશીર્વાદનગરજેવાવિસ્તારોમાં,લિંબાયતઝોનમાંનુરાનીનગર,આજાદચોક,નુરેઈલાહીનગર,સુગરાનગર,રેલરાહતકોલોની,રઝાનગર,પંચશીલનગર,શ્રીનાથનગર,અંબીકાનગર,જમાઈમોહલ્લો,રઘુકુલનગર,ખોડીયારનગર,શિવાજીપાર્ક,સાંઈનગર,મહાદેવનગર તથા આજુ બાજુનો વિસ્તાર, ચિન્મય રો હાઉસ,કોળીવાડ,રાજપુત ફળીયુ,હળપતીવાસ તથા આજુ બાજુનો વિસ્તાર, નંદનવન રો હાઉસ,ઋષીવિહાર,વ્રજભુમી એપા,માધવ બાગ તથા આજુ બાજુનો વિસ્તારજેવાવિસ્તારોમાં,અઠવાઝોનમાંપીપલોદપોલીસલાઈન,પનાસગામ,ગણેશકૃપાઈ.ડ.એસ.,ઈ.ડબ્લ્યુ.એસ.આવાસ,પાણીનીટાંકીપાસે,સુમનઆવાસ, રણછોડરત્નનગરસોસા.જેવાવિસ્તારોમાંકતારગામઝોનમાંશીવનગર,પ્રભુનગર–૨,સહજાનંદસોસા.,આંબેડકરનગરવસાહત,શાંતીનગર,રામનગર,જગદીશનગર,હળપતીવાસ,લામપાત,યોગીધારા,રઘુવીરસોસા.જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં મફત નગર ઝું, ઉધરસ ભૈયાની ચાલ, ભોજલરામ સોસા, શ્યામસુંદર સોસા, વિષ્ણુનગર, ગુરૂનગર, ભાતની વાડી, તેજેન્દ્રપાર્ક, મરઘા કેન્દ્ર, બોમ્બે કોલોની, છિપવાડ, રાવળ ફળીયું, લુહાર ફળીયું, દરબાર ફળીયું, આહિર ફળીયું, મુકિતધામ ,વિક્રમનગર,આમ્રકુંજ સોસા, વિજયનગર–૧,ર. જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **128357** | **285443** | **1124** | **3233** | **1310** | **4162** | **302** | **166000** | **103** | **95387** | **19041** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# –: પ્રેસ નોટ :–

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૧/૦૯/૨૦૧૮ના રોજ ઉધના શહેરી આરોગ્ય કેન્દ્ર, જોગાણી માતાના મંદિર પાસે,હનુમાન એસ્ટેટની બાજુમાં, સુરત રકતદાન કેન્દ્ર નીચે ખટોદરા,સુરત ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગમાં સાશક પક્ષના નેતાશ્રી ગિરજાશંકર મિશ્રા ,સમિતિનાં ચેરમેન દીગ્વીજયસિહ બારડ, અધ્યક્ષ, રૂગ્ણાલય સમિતિ, શ્રી મૂળજીભાઈ ઠકકર , અધ્યક્ષા, કાયદા સમિતિ હેમલતાબેન રાણા, મ્યુ. સદસ્ય શ્રી સુરેશભાઈ કરસાગરા,શ્રી પિયુષભાઈ જરીવાલા,ડો.વાનખેડે,શ્રી નેરશભાઈ પટેલ,શ્રીમતિ કિશોરીબેન કાપડીયા,શ્રીમતિ કિરણ કુવરભાટી,શ્રીમતિ પૂર્ણિમાબેન દાવલે,આસી.કમિશ્નરશ્રી જગદીશ પટેલ, ઈ.ચા. આરોગ્ય અધિકારી ડો. પ્રદીપ ઉમરીગર, મેડીકલ ઓફિસર આરસીએચઓ વર્ગ–૧ ડો.ફેનીલ પટેલ, નાયબ આરોગ્ય અધિકારી (સાઉથ ઝોન) ડો.પ્રકાશ પટેલ, ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી (વેકસીનેશન) ડો.ચેતન ચોકસી , આસી.જંતુનાશક અધિકારીશ્રી (સાઉથ ઝોન) કે.જી.વૈષ્ણવ તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત,ઉન,ભેસ્તાન,વડોદ અને પાંડેસરા શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આરોગ્ય વિભાગ આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં ઉધના શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૬૦૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં ફિઝીશીયન દ્વારા ૨૧૫, સર્જન દ્વારા ૨૦, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૪૫, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૩૩, ચામડીના નિષ્ણાંત દ્વારા ૧૨૫, આંખના નિષ્ણાંત દ્વારા ૫૨, મેડીકલ ઓફીસર દ્વારા ૧૧૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૧૫ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ.૧૦૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૨૩૪ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા સરકારશ્રીની જુદી–જુદી આરોગ્ય લક્ષી યોજનાઓની જાણકારી આપી હતી.જુદા–જુદા રોગ અંગેની ૧૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ–૧૦૦, ઓરલ પીલ્સ–૧૧૨ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ–૩૦૦ ટેબ્લે કોલરીન ટેબલેટ ૨૦૦ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૧ બાળકોને બીસીજી, ૫ બાળકને પોલીયો,૩ બાળકને પેન્ટા.ની રસી,૧ બાળકને આઈપીવી,૧ બાળકને ડીપીટીની રસી, **૪૦ બાળકોને એમ.આર**.ની રસી આપવામાં આવી હતી.મધર્સ ટીટી રસી ૩ લાભાર્થીને આપવામાં આવી હતી.

**<u>નોંધ :–</u>** આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન **તા.૦૮/૦૯/૨૦૧૮** ને શનિવારે **નાના વરાછા શહેરી આરોગ્ય કેન્દ્ર,ગામતળ**,સુરત ખાતે રાખવામાં આવેલ છે. આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ (જાહેર આરોગ્ય ખાતુ)** | |

# <u>પ્રેસનોટ</u>

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૧/૦૩/૨૦૦૮ ના ચુકાદા, સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮ તા.૨૬/૦૬/૨૦૦૮ થી વિદિત થઇ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામપશુ વધશાળા / કતલખાનાઓ તા.૦૬/૦૯/૨૦૧૮ થી તા.૧૩/૦૯/૨૦૧૮ સુધી તેમજ દિગંબર જૈન સંવત્સરી/ અનંત ચતુદર્શી નિમિત્તે તા.૨૩/૦૯/૨૦૧૮ ના રોજ બંધ રહેશે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી.

# પ્રેસનોટ

**(૧) પાર્કિંગ તથા રસ્તા/ફૂટપાથ પરથી દબાણ દૂર કર્યાની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં સાઉથ ઝોન ઓફીસથી સપ્તશૃંગી માતાના મંદીર સુધીના રસ્તા પર આવેલ મિલકતોના માર્જીન તથા પાર્કિંગમાં થયેલ તેમજ રસ્તા/ફૂટપાથ પર થયેલ દબાણ દૂર કરવાની ઝૂંબેશના ભાગરૂપે **એસ.આર.પી તથા પોલીસ સ્ટાફ પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર ધ્વારા ફાળવણી કરવામાં આવતા તા.૩૧/૦૮/૨૦૧૮** ના રોજ ઉપરોકત રસ્તા પર નીચે મુજબની માર્જીન તથા પાર્કિંગમાં થયેલ તેમજ રસ્તા/ફૂટપાથ પર થયેલ દબાણ દૂર કરવાની કરવામાં આવેલ છે.

– માર્જીન/પાર્કિંગ માંથી દૂર કરેલ સ્ટ્રકચર/પતરાના શેડ– ૧૫૦૦ ચો.ફૂટ અંદાજીત
– ફૂટપાથ પરથી દૂર કરેલ ટેમ્પરરી સ્ટ્રકચર– ૪૫૦ ચો.ફૂટ અંદાજીત
– ફૂટપાથ પરથી દૂર કરેલ પતરાના શેડ – ૨૭૫૦ ચો.ફૂટ અંદાજીત
– સી.ઓ.પી. માંથી દૂર કરેલ દબાણ– ૨૨૫ ચો.ફૂટ અંદાજીત
– કુલ ૨૫૦૦ મી. લંબાઈના રસ્તા પરથી તમામ દબાણ દૂર કરેલ છે.
– રસ્તા/ફૂટપાથ પર થયેલ દબાણમાં જપ્ત કરેલ સામગ્રી...

ખુલ્લી તથા બંધ લારી– ૧૮, પાથરણા– ૧૦૮, વાંસના બાંબૂ– ૪૮, કેરેટ– ૧૨, લોખંડના પાઈપ– ૩૩, પતરા– ૦૮, તાડપત્રી– ૧૬, લોખંડના ટેબલ– ૦૩, લોખંટની પવાલી– ૦૨, બાંકડા– ૦૨, પ્લાસ્ટીક ટેબલ– ૦૨, શાકભાજીના થેલા– ૦૩, પાટીયા– ૧૫

સદરહું કામગીરીમાં સાઉથ ઝોન(ઉધના)ના ડે.ઈજનેર–૦૪, આસી./જુ.ઈજનેર/આસી.ટા.પ્લાનર– ૦૭, દબાણ વિભાગનો સ્ટાફ– ૧૪, ઈમરજન્સી સ્ટાફ– ૦૮, સુરત મહાનગરપાલીકા સિકયોરીટી સ્ટાફ– ૦૬, કોન્ટ્રાકટ એજન્સીના માણસો– ૨૦, એસ.આર.પી. નો સ્ટાફ– ૨૦, ઉધના પાલીસ સ્ટેશનનો મહિલા પોલીસ સ્ટાફ– ૦૫ મળી કુલ સ્ટાફ– ૮૪ તથા સુરત મહાનગરપાલિકાના વાહનો જે.સી.બી.– ૦૨, મઝદા ગાડી/ટ્રક– ૦૬ ની મદદથી સદરહું કામગીરી કરવામાં આવેલ છે. સદર કામગીરી દરમ્યાન સ્થાનિક ઈસમો ધ્વારા કામગીરીનો વિરોધ કરવામાં આવેલ પરંતું પોલીસ સ્ટાફની હાજરી તથા કંટ્રોલ સ્થળ પર હોય અંતે રાત્રીના ૯:૩૦ કલાકે સદરહું કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

**(૨) ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાના કામે સેન્ટ્રલ ડીમોલીશન સેલ, સાઉથ ઈસ્ટ(લીંબાયત) ઝોનનો સ્ટાફ, સાઉથ ઝોન(ઉધના)ના સ્ટાફ તથા સુરત મહાનગરપાલીકા સિકયોરીટી સ્ટાફની મદદથી **મેગા ડીમોલીશનનું આયોજન કરી આજરોજ તા.૦૧/૦૯/૨૦૧૮** થી નીચે જણાવેલ મિલકતોમાં સુરત મહાનગરપાલીકાની પરવાનગી વિના કરેલ બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

– **ટી.પી.સ્કીમ નં. ૦૬(મજૂરા–ખટોદરા), ફા.પ્લોટ નં. ૩૫૯, પ્લોટ નં. ૧, પરમાનંદ ઈન્ડ.કો.ઓ. સર્વિસ સોસાયટી, ખટોદરા, સુરત** વાળી મિલકતના મિલકતદારો ધ્વારા સુરત મહાનગરપાલીકાની પરવાનગી વિના હયાત જૂની મિલકતમાં વધારાનું બાંધકામ કરેલ હોવાનું જણાઈ આવેલ જેથી સદરહું મિલકતદારોને અત્રેથી સ્થળ પર થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૦૧/૦૯/૨૦૧૮ થી સદરહું મિલકતમાં સુરત મહાનગરપાલીકાની પરવાનગી વિના કરવામાં આવેલ **આશરે ૧૫૦૦ ચો. ફૂટ** માપવિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી., ચણતરની દિવાલો તથા પતરાના શેડ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના **વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૩૦,૦૦૦/–** મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

– **ટી.પી.સ્કીમ નં. ૦૬(મજૂરા–ખટોદરા), ફા.પ્લોટ નં. ૩૫૯, પ્લોટ નં. ૨,૩, આનંદ ઈન્ડ.કો.ઓ. સર્વિસ સોસાયટી, ખટોદરા, સુરત** વાળી મિલકતના મિલકતદારો ધ્વારા સુરત મહાનગરપાલીકાની પરવાનગી વિના હયાત જૂની મિલકતમાં વધારાનું બાંધકામ કરેલ હોવાનું જણાઈ આવેલ જેથી સદરહું મિલકતદારોને અત્રેથી સ્થળ પર થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૦૧/૦૯/૨૦૧૮ થી સદરહું મિલકતમાં સુરત મહાનગરપાલીકાની પરવાનગી વિના કરવામાં આવેલ **આશરે ૮૦૦ ચો. ફૂટ** માપવિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના **વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૩૦,૦૦૦/–** મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

– **ટી.પી.સ્કીમ નં. ૦૬(મજૂરા–ખટોદરા), ફા.પ્લોટ નં. ૩૫૯, પ્લોટ નં. ૩૬, પરમાનંદ ઈન્ડ.કો.ઓ. સર્વિસ સોસાયટી, ખટોદરા, સુરત** વાળી મિલકતના મિલકતદારો ધ્વારા સુરત મહાનગરપાલીકાની પરવાનગી વિના હયાત જૂની મિલકતમાં વધારાનું બાંધકામ કરેલ હોવાનું જણાઈ આવેલ જેથી સદરહું મિલકતદારોને અત્રેથી સ્થળ પર થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૦૧/૦૯/૨૦૧૮ થી સદરહું મિલકતમાં સુરત મહાનગરપાલીકાની પરવાનગી વિના કરવામાં આવેલ **આશરે ૨૨૫૦ ચો. ફૂટ** માપવિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી., ચણતરની દિવાલો તથા પતરાના શેડ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના **વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૩૦,૦૦૦/–** મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## દબાણ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનમાં એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ તા.૦૧/૦૯/૧૮ તથા તા.૦૪/૦૯/૧૮ ના રોજ એસ.આર.પી.ના સ્ટાફ, શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ તેમજ વોચ એન્ડ વોર્ડ વિભાગના સ્ટાફ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર હરીપુરા, કાંસકીવાડ માર્કેટ, સુખડીયા શેરી, દુકાલપોળ તથા અકબર શહીદ ટેકરાથી ગધેવાન સુધીમાં જાહેર રસ્તાઓ પર ફેરિયાઓ તથા લારી/ગલ્લા ના અનઅધિકૃત દબાણ દુર કરી, કુલ્લે  ખુલ્લી/બંધ લારી–૩૪ અને અન્ય પરચુરણ–૧૧૩ વસ્તુઓ થઈ કુલ–૧૪૭ વસ્તુઓ જમા લેવામાં આવેલ છે તથા આશરે ૪૭૫ ચો.ફુટ જેટલા માપ વિસ્તારમાં પતરાના શેડ નંગ–૦૯ અને આશરે ૧૦૦ ચો.ફુટ રસ્તા પૈકીની જગ્યામાં બનાવેલ ઓટલા દુર કરી રૂા. ૧૨,૭૫૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

# પ્રેસનોટ

**સાઉથ ઈસ્ટ(લિંબાયત)ઝોન વિસ્તારમાં** તા.૦૪/૦૯/૨૦૧૮ તથા **તા.૦૫/૦૯/૨૦૧૮ના રોજ ડીંડોલી વિસ્તારમાં પાર્કિંગ એરીયામાં થયેલ બિનઅધિકૃત બાંધકામ/દબાણ દુર કરવાની કામગીરીની વિગત**

નામદાર ગુજરાત સરકારશ્રીના આદેશાનુસાર જાહેર રસ્તાઓ ઉપરથી દબાણ દુર કરવાની તથા હયાત માર્કેટ વિસ્તારના કોમર્શીયલ મિલ્કતો / દબાણો દુર કરવાની ઝુંબેશ સુરત મહાનગરપાલિકાની લિંબાયત ઝોન દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે ઝુંબેશના ભાગરૂપે તા. ૦૪/૦૯/૨૦૧૮ તથા તા.૦૫/૦૯/૨૦૧૮ ના દિવસે ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૪૧ (ડીંડોલી) માં આવેલ હરીહરનગર થી રામાયણ પાર્ક તરફ જતાં નવાગામ–ડિંડોલી મેન રોડ (૨૪.૦૦ મીટર પહોળાઈના ટી.પી.રોડ)ને લાગુ મિલ્કતોના પાર્કિંગ / માર્જિનમાં ઓટલાનું બિનઅધિકૃત બાંધકામ તેમજ ગેરકાયદેસર થયેલા દબાણો દુર કરી,અંદાજીત ૯૫૦૦ ચો.ફુટ વિસ્તાર પાર્કિંગ માટે ખુલ્લો કરવામાં આવેલ છે. તથા સદરહું પાર્કિંગ / માર્જિનની જગ્યાનો ઉપયોગ વાહનો પાર્ક કરવા માટે જ થાય તે બાબતે મિલ્કતદારોને સ્પષ્ટ તાકીદ કરવામાં આવેલ છે.

સદર કામગીરી માન.કમિશ્નરશ્રીની સીધી સુચના અન્વયે લિંબાયત ઝોનના ડેપ્યુટી કમિશ્નરશ્રી(ડી) ના માર્ગદર્શન હેઠળ તથા કાર્યપાલક ઈજનેરશ્રીની દેખરેખમાં લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગ સાથે સંયુકત રીતે તેમજ સીકયુરીટી સ્ટાફ સાથે રાખી કામગીરી કરવામાં આવેલ છે.

સુરત મહાનગર પાલિકા
વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
અખબારી યાદી

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૫/૦૯/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

પૂર્વઝોનના લંબેહનુમાન યુનિટનાં વિસ્તારમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે દરમ્યાન બંગલા નં.૧૦, શિવનગર સો. ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૧૫૦૦/– વહીવટી ખર્ચ,ફુલપાડા યુનિટનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે દરમ્યાન એકતાનગર સો. ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ,મોટા વરાછા યુનિટનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે દરમ્યાન નંદની રો.હા. બાંધકામ તેમજ અવધ બંગ્લોઝ બાંધકામ માં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૨૭૦૦/– વહીવટી ખર્ચ,પુણા યુનિટનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે દરમ્યાન ઓરબીટ–૧ બાંધકામ માં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૧૨,૦૦૦/– વહીવટી ખર્ચ,સીમાડા–સરથાણા યુનિટનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે દરમ્યાન શિવધારા હાઈટસ બાંધકામ તેમજ સ્ટાર પ્લેટીનમ બાંધકામ માં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૨૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

આમ, પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૩૬૩૮૩ ઘરોમાં ૫૯૯૯૭ સ્પોટ સર્વે કરી કુલ ૨૧૦ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. 427
તા. ૦૫–૦૯–૨૦૧૮

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ (જાહેર આરોગ્ય ખાતુ)** | |

# <u>પ્રેસનોટ</u>

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૧/૦૩/૨૦૦૮ ના ચુકાદા, સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮ તા.૨૬/૦૬/૨૦૦૮ થી વિદિત થઇ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામપશુ વધશાળા / કતલખાનાઓ તા.૦૬/૦૯/૨૦૧૮ થી તા.૧૩/૦૯/૨૦૧૮ સુધી તેમજ દિગંબર જૈન સંવત્સરી/ અનંત ચતુદર્શી નિમિત્તે તા.૨૩/૦૯/૨૦૧૮ ના રોજ બંધ રહેશે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી.

# પ્રેસ નોટ

United Nations હેઠળના Global Forum On Human Settlements ધ્વારા Sustainable Cities And Human Settlement Awards (SCAHSA) આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા સદરહું એવોર્ડઝનાં અર્બન ટ્રાન્સપોર્ટની કેટેગરીમાં એવોર્ડ માટે નોમીનેશન ફાઈલ કરવામાં આવેલ. સુરત શહેર વિસ્તારમાં જાહેર પરિવહન ક્ષેત્રે બી.આર.ટી.એસ., સીટી બસ તથા ટ્રાફિક વ્યવસ્થા/નિયમન માટે કરવામાં આવેલ વ્યવસ્થા/જોગવાઈઓની વિગતો અને વિવરણ સાથેનો પ્રોજેકટ એવોર્ડઝ માટે રજુ કરવામાં આવેલ.

જુદાં–જુદાં દેશોનાં વિભિન્ન શહેરો તરફથી Global Forum On Human Settlements ને રજુ કરવામાં આવેલ અરજીઓની Global Forum On Human Settlements ની ચકાસણી સમિતિ (Appraisal Committee) ધ્વારા છણાવટ કરવામાં આવેલ અને સુરત શહેર ધ્વારા રજુ કરવામાં આવેલ પ્રોજેકટ ઉપર પસંદગી ઉતારવામાં આવેલ તથા આ પ્રોજેકટ માટે સુરત મહાનગરપાલિકાને એવોર્ડ આપવા નોટીફીકેશન જાહેર કરવામાં આવેલ છે. સુરત ધ્વારા રજુ કરવામાં આવેલ પ્રોજેકટ " SARAL (Safe,Accessible,Reliable,Advanced and Low carbon) " ની વિગતો સમિતિ ધ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરના માપદંડોમાં ખરી ઉતરેલ છે. સમિતિ ધ્વારા ખાસ નોંધ લેવામાં આવે છે કે, સુરત ધ્વારા જે સંકલિત (Integrated) આયોજન કરી સ્માર્ટ સોલ્યુશનનો ઉપયોગ કરવામાં આવેલ છે તે ભારત સહિતના તમામ વિકાસશીલ દેશ માટે એક સારો મોડેલ થઈ શકે તેમ છે.

વધુમાં, સમગ્ર આયોજનમાં સુરક્ષા તથા સલામતી માટે કરવા આવેલ જોગવાઈઓનો પણ ખાસ ઉલ્લેખ કરવામાં આવેલ છે. Global Forum On Human Settlements (GFHS-2018) નું Annual Session બેંગકોક ખાતે મળનાર છે. જેમાં સુરત મહાનગરપાલિકાના મા.કમિશ્નરશ્રીને ખાસ આમંત્રણ આપી એવોર્ડ સ્વીકારવા જણાવેલ છે. સુરત શહેર ધ્વારા જાહેર પરિવાહન ક્ષેત્રેના " SARAL (Safe,Accessible,Reliable,Advanced and Low carbon) " નો જે પ્રોજેકટ એવોર્ડ માટે રજુ કરવામાં આવેલ છે તેનું પ્રેઝેન્ટેશન પણ આ Annual Session માં સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવા આમંત્રણમાં જણાવવામાં આવેલ છે.

આમ, આંતરરાષ્ટ્રીય કક્ષાએ સુરત મહાનગરપાલિકાના પ્રોજેકટની નોંધ લેવામાં આવેલ છે અને સુરત મહાનગરપાલિકાની યશ કલગીમાં એક વધારાનાં મોરપીંછનો ઉમેરો થયેલ છે.

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાની ૠતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે. જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આમ ૨૦૦૭ થી ૨૦૧૫ દરમ્યાન કુલ ૧૪૮ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૮માં ૯ (નવમો)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૫૬ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં જાહેર જનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળી રહયો છે.

ચાલુ વર્ષ ૨૦૧૮નો નવમો મેડીકલ કેમ્પ તા.૦૮/૦૯/૨૦૧૮ ને શનિવારનાં રોજ નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર, લુહાર ફળીયા,નાના વરાછા ગામતળ,સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે. જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચ.આઈ.વી. આઈ.સી.ડી.એસ તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ, ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શનના સ્ટોલ દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્ય વિભાગ તરફથી જાહેરાત તેમજ પ્રચાર કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં સુરત મહાનગરપાલિકા તથા ગુરુગ્રામ સ્થિત અમેરિકન ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ડિયન સ્ટડિઝના સંયુકત ઉપક્રમે ' Stepped Wells and Reservoirs of Western India' વિષય અંતર્ગત ફોટોગ્રાફ પ્રદર્શનનું આયોજન કરવામાં આવનાર છે. સદર પ્રદર્શનનું ઉદ્દઘાટન તા. ૦૮/૦૯/૨૦૧૮ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માન. મેયરશ્રી ડૉ. જગદીશ પટેલના શુભ હસ્તે રાખવામાં આવેલ છે.

સદર પ્રદર્શન સેન્ટર ફોર આર્ટ એન્ડ આર્કિયોલોજી, અમેરિકન ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ડિયન સ્ટડિઝ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તથા તેના કયુરેટર વિખ્યાત ઈન્ડોલોજીસ્ટ ડો.કિરિટ મંકોડી છે. આ પ્રદર્શનમાં પશ્ચિમ ભારતમાં આવેલ, ખાસ કરીને રાજસ્થાન તથા ગુજરાત રાજયની વિવિધ વાવ તથા જળાશયોની ખાસ સંરચના, શિલ્પો તથા અન્ય રોચક માહિતીઓ પ્રદર્શિત થનાર છે. આ ઉપરાંત વરચ્યુઅલ રિયાલીટી મારફત વાવની મુલાકાત સહિતનું સદર પ્રદર્શન જાહેર જનતા સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીમાં તા.૦૮/૦૯/૨૦૧૮ થી તા.૧૧/૦૯/૨૦૧૮ સુધી સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૮:૦૦ કલાક સુધી વિના મૂલ્યે નિહાળી શકશે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૬/૦૯/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સા–ઈસ્ટ ઝોનમાં તા. ૦૬/૦૯/૨૦૧૮ ના રોજ લિંબાયત યુનિટ દ્વારા બ્રિડીંગ મળતા તે ઈસમોને મોબાઈલ કોર્ટ કેશ–૨૩ મુકવામાં આવેલ છે તેમજ પર્વત ગોડાદરા યુનિટ દ્વારા બ્રિડીંગ મળતા તે ઈસમોને મોબાઈલ કોર્ટ કેશ–૦૯ મુકવામાં આવેલ છે.તેમજ ઉમરવાડા યુનિટ દ્વારા બ્રિડીંગ મળતા તે ઈસમોને મોબાઈલ કોર્ટ કેશ–૦૪ મુકવામાં આવેલ અને અમનસોસાયટી તેમજ એમ બી નગર માં બ્રિડીંગ મળતા ૨૧૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરેલ છે.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# **<u>પ્રેસનોટ</u>**

સુરત મહાનગરપાલિકાની જાહેર પરિવહન પ્રવૃત્તિ સમિતિએ તા.૬–૯–૨૦૧૮ના રોજ ગજેરા સર્કલથી ડીંડોલી વારીગૃહ સુધીના BRTS રૂટની રૂબરૂ મુલાકાત લઈને રૂટની બસો, બસ સ્ટેન્ડો સહિત અન્ય સમસ્યાઓથી જાતમાહિતીગાર થયેલ હતા સાથોસાથ BRTS રૂટમાં ચાલતા ખાનગી વાહનો રોકીને BRTS રૂટમાં ન ચલાવવા વિનંતી કરીને જાહેર પરિવહન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા સહકાર આપવા જણાવેલ.

જાહેર પરિવહન પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષ શ્રીમતી હેમાલી કે. બોઘાવાલા અને સમિતિના સભ્યો, સીટીલીંક BRTS ના આસી. કમિશ્નરશ્રી કમલેશભાઈ નાયક સહિત અન્ય કર્મચારીઓ સાથે બસમાં મુસાફરી કરી રૂટના તમામ ટર્મિનલ તપાસ કરી તથા બસના મુસાફરો સાથે મુલાકાત કરી જરૂરી સુચનો કર્યા.

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

# પ્રેસનોટ

**સાઉથ ઈસ્ટ(લિંબાયત)ઝોન વિસ્તારમાં તા.૦૬/૦૯/૨૦૧૮ના રોજ ડીંડોલી વિસ્તાર તથા ટેક્ષટાઈલ માર્કેટ વિસ્તારમાં પાર્કિંગ એરીયામાં થયેલ બિનઅધિકૃત બાંધકામ/દબાણ દુર કરવાની કામગીરીની વિગત**

નામદાર ગુજરાત સરકારશ્રીના આદેશાનુસાર જાહેર રસ્તાઓ ઉપરથી દબાણ દુર કરવાની તથા હયાત માર્કેટ વિસ્તારના કોમર્શીયલ મિલ્કતો / દબાણો દુર કરવાની ઝુંબેશ સુરત મહાનગરપાલિકાની લિંબાયત ઝોન દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે ઝુંબેશના ભાગરૂપે તા.૬/૦૯ /૨૦૧૮ ના દિવસે ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૪૧ (ડીંડોલી) માં આવેલ આર.ડી.નગર થી અંબિકાનગર તરફ જતાં નવાગામ–ડિંડોલી મેન રોડ (૨૪.૦૦ મીટર પહોળાઈના ટી.પી.રોડ)ને લાગુ મિલ્કતોના પાર્કિંગ / માર્જિનમાં ઓટલાનું બિનઅધિકૃત બાંધકામ તેમજ ગેરકાયદેસર થયેલા દબાણો દુર કરી,અંદાજીત ૧૦૦૦૦ ચો.ફુટ વિસ્તાર પાર્કિંગ માટે ખુલ્લો કરવામાં આવેલ છે. તથા ફા.ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા), ફા.પ્લોટ નં.૦૨, રીતુરાજ ટેક્ષટાઈલ માર્કેટના મંજુર પ્લાન મુજબના પાર્કિંગમાં અંદાજિત ૧૫૦૦ ચો.ફુટ વિસ્તાર પાર્કિંગ માટે ખુલ્લો કરવામાં આવેલ છે. તેમજ ફા.ટી.પી.સ્કીમ નં. ૦૮(ઉમરવાડા), ફા.પ્લોટ નં.૧૩૪ પૈકી, અશોકા ટાવર ટેક્ષટાઈલ માર્કેટના મંજુર પ્લાન મુજબના પાર્કીગમાં બિનઅધિકૃત બાંધકામ તેમજ દબાણો દુર કરી, અંદાજીત ૯૦૦ ચો.ફુટ વિસ્તાર પાર્કિંગ માટે ખુલ્લો કરવામાં આવેલ છે. તેમજ કુલ રૂા.૪૫,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

સદર કામગીરી માન.કમિશ્નરશ્રીની સીધી સુચના અન્વયે લિંબાયત ઝોનના ડેપ્યુટી કમિશ્નરશ્રી(ડી) ના માર્ગદર્શન હેઠળ તથા કાર્યપાલક ઈજનેરશ્રીની દેખરેખમાં  લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગ સાથે સંયુકત રીતે તેમજ સીકયુરીટી સ્ટાફ સાથે રાખી કામગીરી કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## દબાણ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનમાં એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ તા.૦૫/૦૯/૧૮ તથા તા.૦૬/૦૯/૧૮ ના રોજ એસ.આર.પી.ના સ્ટાફ, શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ તેમજ વોચ એન્ડ વોર્ડ વિભાગના સ્ટાફ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર ઢેલ તલાવડી, સીમગા સ્કુલ તથા ગોપીપુરા મોમનાવાડ, નવા ખાડી રોડ પાસે ના વિસ્તારમાં રોડ પૈકીની જગ્યામાં જાહેર રસ્તાઓ પર ફેરિયાઓ તથા લારી/ગલ્લા ના અનઅધિકૃત દબાણ દુર કરી, કુલ્લે ખુલ્લી/બંધ લારી–૧૫ અને અન્ય પરચુરણ–૨૯૫ વસ્તુઓ થઈ કુલ–૩૧૦ વસ્તુઓ જમા લેવામાં આવેલ છે તથા આશરે ૧૪૦૭ ચો.ફુટ ઓટલા, ૨૭૧૮ ચો.ફુટ પતરાંનો શેડ અને ૧૨૯૨ ચો.ફુટ માપ વિસ્તારમાં લાકડાના બાંબુ ઉભા કરી તેના પર તાડપત્રી નાંખી બનાવેલ શેડ જગ્યામાં બનાવેલ ઓટલા દુર કરી રૂા. ૩૨૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૩૧/૦૮/૨૦૧૮ થી તા.૦૬/૦૯/૨૦૧૮(શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૫૨૧ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૦૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૧૩ |
| ૪ | મેજર ઓપરેશન | ૪ |
| ૫ | માયનોર ઓપરેશન | ૩૫ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩ |

Polio gone Measles is next / "GO FOR DIGITAL PAYMENT IT'S SAFE & SECURE"

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## <u>અખબારી યાદી</u>

**વરાછા ઝોન ઓફિસ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૦૭/૦૯/૨૦૧૮ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન વરાછા ઝોન ઓફિસ, સૈફી સોસાયટીની બાજુમાં, લંબે હનુમાન રોડ, વરાછા, સુરત*** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા મા.મેયરશ્રી ડો. જગદીશ પટેલે જણાવ્યુ હતુ કે સરકારશ્રી દ્વારા સેવાસેતુ વધુને વધુ સેવાલક્ષી બને તે માટે પ્રયાસો કરવામાં આવેલ છે. સેવાસેતુ કાર્યક્રમ જરૂરીયાતમંદ વ્યકિત સુધી સેવા પહોચાડવાનો સેતુ છે. સેવાસેતુ કાર્યક્રમમાં ગરીબો, વિધવાઓ, દિવ્યાંગો જેવા જરૂરીયાતમંદ લોકો માટે ઉપયોગી અનેક યોજનાઓનો સમાવેશ કરવામાં આવે છે. વધુમાં મેયરશ્રીએ લોકોને સેવાસેતુ કાર્યક્રમનો વધુને વધુ લાભ લેવા તથા લાભથી વંચિત તમામ જરૂરીયાતમંદને પણ લાભ પ્રાપ્ત કરવા સહાય કરવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા કરંજ વિધાનસભા વિસ્તારના ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારીએ જણાવ્યુ હતુ કે સેવાસેતુ કાર્યક્રમના પ્રથમ ૩ તબકકામાં સુરત શહેરમાં એક લાખથી વધુ લાભાર્થીઓને વિવિધ યોજનાઓથી લાભાન્વીત કર્યા છે. લોકોને તેના નાના અને સામાન્ય એવા કામ માટે કામધંધો મુકી દિવસો સુધી વિવિધ કચેરીઓમાં ધકકા ખાવા પડતા હોય છે. સેવાસેતુ કાર્યક્રમ થકી લોકોને તેમના ખુબ ઉપયોગી અનેક દસ્તાવેજો તેમના જ વિસ્તારમાં, એક જ દિવસમાં પ્રાપ્ત થઈ જાય છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં કામરેજ વિધાનસભા વિસ્તારના ધારાસભ્યશ્રી વી. ડી. ઝાલાવડિયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ ૧૯૦૯ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૪૩૭
તા. ૦૭/૦૯/૨૦૧૮


સુરત મહાનગરપાલિકા




સુરત મહાનગરપાલિકા

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં સુરત મહાનગરપાલિકા તથા ગુરુગ્રામ સ્થિત અમેરિકન ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ડિયન સ્ટડિઝ દ્વારા સંયુકત ઉપક્રમે ' Stepped Wells and Reservoirs of Western India' વિષય અંતર્ગત ફોટોગ્રાફસ, ડ્રોઈંગ્સ અને પેનલોના પ્રદર્શનનું ઉદ્દઘાટન માન.મેયરશ્રી ડો.જગદીશ પટેલના શુભહસ્તે આજરોજ કરવામાં આવેલ. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેનશ્રી અનિલ ગોપલાણી; ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ; સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ; વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ; મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ; શ્રી વંદના સિંહા, ડાયરેકટર, સેન્ટર ફોર આર્ટ એન્ડ આર્કિયોલોજી, અમેરિકન ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયન સ્ટડીઝ; સદર પ્રદર્શનના કયુરેટર ડો.કિરિટ મંકોડી; સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ તથા નગરજનો હાજર રહયા હતા.

સદર પ્રદર્શનમાં ઈ.સ.૧૦૭૫માં રાજા ભીમદેવ સોલંકીની યાદમાં રાણી ઉદયમતી દ્વારા બાંધવામાં આવેલ 'રાણકી વાવ' કે જે યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ મોન્યુમેન્ટ તરીકે ઘોષિત કરેલ છે તેના દુર્લભ ફોટોગ્રાફસ તેમજ આ વાવને લગતી અન્ય રોચક માહિતીઓ; ઈ.સ. ૧૦૯૪–૧૧૪૦માં બનેલ 'સહસ્ત્રલિંગ તળાવ'; તેમજ રાજા ભીમદેવ સોલંકી દ્વારા ૧૧મી સદીમાં નિર્મિત 'મોઢેરાનું સૂર્ય મંદિર તથા કુંડ' તેમજ રાણી રૂડાબાઈ દ્વારા ૧૫મી સદીમાં નિર્મિત 'અડાલજની વાવ'ના ફોટોગ્રાફસ, ડ્રોઈંગ તથા ઐતિહાસીક માહિતી અત્રે પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૬ઠ્ઠી સદીમાં નિર્મિત અભયકુંડ, મંદસોર; ૮મી સદીના રોડોના મંદિરોના કુંડ; અંકાલામાતાની વાવ, દાવડ, સાંબરકાંઠા; બારોલીના શિવમંદિરના ૧૦મી સદીમાં બનેલા કુંડ; ચાંપાનેરની હેલિકેલ(સર્પાકાર) વાવ; ૧૨મી સદીની ઘુમલીની વાવ, પાટણ; અમદાવાદની દાદા હરીરની વાવ; ઉમતાની વાવ; છત્રાલની ૧૫મી સદીની વાવ; નવી દિલ્હીમાં બનેલી ૧૪મી સદીની અગ્રસેનની વાવ વિગેરેના દુર્લભ ફોટોગ્રાફસ, ડ્રોઈંગ તેમજ ઐતિહાસિક માહિતી અત્રે દર્શાવવામાં આવી છે.

આ પ્રદર્શનનું સૌથી મહત્વનું આકર્ષણ વર્ચ્યુઅલ રિયાલટી દ્વારા પાટણમાં આવેલી વર્લ્ડ હેરિટેલ મોન્યુમેન્ટ 'રાણકી વાવ'નું વોક–થ્રુ છે, જેમાં અત્રે આવનાર મુલાકાત વર્ચ્યુઅલ રિયાલીટી દ્વારા પાટણની વાવમાં મુલાકાત કરી શકશે. આ ઉપરાંત સુરતના ગોપી તળાવમાં આવેલી ૩૦૦ વર્ષ જુની 'ચોમુખી વાવ'ની ૩ડી રંગોળી પણ મહત્વનું આકર્ષણ ધરાવે છે. સાથે જ સુરતની SVNIT કાલેજ દ્વારા સુરતની ઐતિહાસીક ધરોહર સમાન ઈમારતોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

સદર પ્રદર્શનની મુલાકાત જાહેર જનતા તા.૮મી થી ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ સુધી સવારે ૧૧:૦૦ કલાક થી સાંજે ૦૮:૦૦ કલાક સુધી કરી શકાશે. નાગરિકોને આ વિશિષ્ટ પ્રદર્શનને બહોળા પ્રમાણમાં નિહાળવા વિનંતી.

સુરત મહાનગરપાલિકા તથા American Institute of Indian Studies, Gurugram ના સંયુકત ઉપક્રમે આયોજીત "Stepped Wells and Reservoirs" ના પ્રદર્શનનું દિપ પ્રાગટય કરી ઉદઘાટન કરતા તથા પ્રદર્શન નિહાળતા મા. મેયરશ્રી ડો. જગદીશ પટેલ તથા અન્ય મહાનુભવો.





# **<u>પ્રેસનોટ</u>**

<u>સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગ દ્વારા ઝોન વિસ્તારમાં "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" જેવા મચ્છર જન્ય રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી શાળા ચકાસણી ઝુંબેશમાં ક્ષતિઓ મળી આવતાં સેન્ટ ઝેવીયર્સ **સ્કુલમાં રૂા.૨૦,૦૦૦/– તથા વ્હાઈટ લોટસ શાળામાં ૧૦,૦૦૦/– એમ કુલઃ–૩૦,૦૦૦/–(ત્રીસ હજાર રૂપિય)) વહીવટી ખર્ચ** વસુલ લેવામાં આવેલ બાબતની અખબારી યાદી :</u>

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને રાખી સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન માં તાઃ–૨૮/૦૭/૧૮ નાં રોજ શાળા ચકાસણી ઝુંબેશ આદરવામાં આવેલ સદર ઝુંબેશ દરમ્યાન પનાસ યુનિટ વિસ્તારમાં આવેલ સેન્ટ ઝેવીયર્સ શાળામાં ડેંગ્યુ ફેલાવનાર મચ્છરનાં બ્રિડીંગની ઉત્પતિ મળી આવેલ હતી, જેથી સદર દિવસે **સ્કુલનાં સંચાલકોને નોટીસ આપી લેખિતમાં હવે પછી મચ્છરોની ઉત્પતિ નહી થાય તેવી બાહેધરી પત્ર લેવામાં આવેલ તેમ છતાં આજ રોજ તાઃ–૦૮/૦૯/૧૮ ના** રોજ સ્કુલમાં સર્વે કરાવતાં ડેંગ્યુ ફેલાવનાર મચ્છરનાં બ્રિડીંગની ઉત્પતિ મળી અવતાં ૨**૦,૦૦૦/– (વીસ હજાર**) રૂપિયા વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ, તેમજ વ્હાઈટ લોટસ શાળામાં પણ નોટીસ આપી **૧૦,૦૦૦/– (દશ હજાર રૂા.) એમ કુલઃ–૩૦,૦૦૦/– (ત્રીસ હજાર રૂા.) વહીવટી ખર્ચ પેટે** વસુલ લેવામાં આવેલ. અને હવે પછી પણ જો પરિસ્થિતિમાં સુધારો નહી આવેતો શળાને સીલ કરવા સુધીની કામગીરી કરવામાં આવશે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વઘુમાં વઘુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે. જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આમ ૨૦૦૭ થી ૨૦૧૫ દરમ્યાન કુલ ૧૪૮ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૮માં નવમો મેડીકલ કેમ્પ મળી કુલ ૧૫૭ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં જાહેર જનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળી રહયો છે.

ચાલુ વર્ષ ૨૦૧૮નો દસમો મેડીકલ કેમ્પ તા.૧૫/૦૯/૨૦૧૮ ને શનિવારનાં રોજ પાલનપુર અર્બન હેલ્થ સેન્ટર, સંતતુકારામ સોસા. સામે, પાલનપુર જકાતનાકા,સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે. જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચ.આઈ.વી. આઈ.સી.ડી.એસ તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ, ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શનના સ્ટોલ દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્ય વિભાગ તરફથી જાહેરાત તેમજ પ્રચાર કરવામાં આવે છે.

# —:: પ્રેસનોટ ::—

તા.૧૧–૦૯–૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્યવિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાનાવિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાનાવિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ.જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાનાવિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૩૭ | ૧૬ | ૧૬ | ૧૫ | ૩૦૦૦ |
| વરાછા | ૯૬ | ૬૬ | ૫૮ | ૫૮ | ૧૧૬૦૦ |
| રાંદેર | ૫૯ | ૪૫ | ૪૫ | ૨૨ | ૪૪૦૦ |
| કતારગામ | ૧૦૨ | ૮૭ | ૭૦ | ૩૩ | ૬૬૦૦ |
| ઉધના | ૧૭૨ | ૨૩ | ૧૧ | ૧૧ | ૨૨૦૦ |
| લિંબાયત | ૪૮ | ૧૯ | ૧૫ | ૧૨ | ૨૪૦૦ |
| અઠવા | ૭૭ | ૩૬ | ૧૬ | ૧૧ | ૨૨૦૦ |
| કુલ | ૫૯૧ | ૨૯૨ | ૨૩૧ | ૧૬૨ | ૩૨૪૦૦ |

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના લાઈટ એન્ડ એનર્જી એફીસીયન્સી સેલ ખાતે હાલમાં ડે.ઈજનેર (ઈલે.) તરીકે ફરજ બજાવતા શ્રી બકુલચંદ્ર એન.પટેલને તેઓની બી.આર.ટી.એસ. વિભાગની ફરજ દરમ્યાન તેઓ ધ્વારા બી.આર.ટી.એસ.ફેઝ–૧ અને ફેઝ–૨ના બસ સ્ટેન્ડ પાસે સ્વીંગ ગેટ લગાડી અને મેન્ટેનન્સ માટેની ટેન્ડર નોટીસ અન્વયે કવોલીફાઈડ થયેલ બે ટેન્ડરર પૈકી એલ–૧ ટેન્ડરર કમલ એન્જીનયરીંગ વર્કસને ટેન્ડર માંથી ખસી જવા અને એલ–૨ ટેન્ડરર ટેકનોક્રેટ સીકયોરીટી સીસ્ટમ પ્રા.લિ.ને લાભ કરાવવા માટે તરફદારી કરવા અંગેની ગંભીર ફરજચૂક કરવા બદલ યોજવામાં આવેલ ખાતાકીય તપાસમાં તેઓની સામે હોદાનો દુરપયોગ કરી સુરત મહાનગરપાલિકાને આર્થિક નુકસાન થાય,મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને હાનિ થાય તેવા પ્રકારનું કૃત્ય ઈજારદાર સાથેના મેળાપીપણામાં કરેલ હોય તેવુ સાબિત થતુ હોય આ પ્રકારની ફરજચૂક બદલ તેઓને આપવામાં આવેલ શિક્ષા અંગેની કારણદર્શક નોટીસના જવાબમાં તેઓએ રજુ કરેલ ખુલાસો તથા માન.મ્યુ.કમિશનરશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણીમાં કરેલ રજુઆતને અંતે ગંભીર ફરજચૂક બદલ માન.મ્યુ.કમિશનરશ્રીના કચેરી હૂકમ નં.જીએડી/ ઈએસટી/ ૭૪૨,તા.૧૦/૦૯/૨૦૧૮થી તેઓને સુરત મહાનગરપાલિકાની ફરજ માંથી ફરજિયાત નિવૃત કરવાનું હુકમ કરવામાં આવેલ છે.